This page is printed from: http://www.akilanews.com/Main_news/Print_news/22-11-2019/190091

સવારે ચા સાંજે અકિલા ન્યુઝ.કોમ

તા. ૨૨ નવેમ્બર ૨૦૧૯ વિક્રમ સંવત્ ૨૦૭૬ કારતક વદ – ૧૦ શુક્રવાર

મુખ્ય સમાચાર

News of Friday, 22nd November 2019

# ૧ ડિસેમ્બરથી દેશના તમામ ટોલટેકસ બુથ કેશ ફ્રી અને ફાસ્ટેગ ફરજિયાત

## પહેલી ડિસેમ્બરથી જો તમારા વાહનમાં ફાસ્ટેગ નહીં હોય તો તમારે બમણો ટોલટેકસ ચૂકવવો પડશે



નવી દિલ્હી, તા.૨૨ દેશમાં ઇલેકટ્રોનિક ટોલને પ્રોત્સાહન આપવા અને પ્રવાસીઓની સુવિધા વધારવા સરકાર દેશના તમામ નેશનલ હાઇવે પર આવેલા ટોલનાકાને કેશ ફ્રી કરવા જઇ રહી છે. નેશનલ હાઇવે પરના ટોલનાકા પર ફાસ્ટેગ અથવા તો આરએફઆઇડી ફરજિયાત બની જશે.

પહેલી ડિસેમ્બરથી જો તમારા વાહનમાં ફાસ્ટેગ નહીં હોય તો તમારે બમણો ટોલટેકસ ચૂકવવો પડશે. એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પહેલી ડિસેમ્બરથી દેશના તમામ ટોલનાકા કેશ ફ્રી થઇ જશે. દરેક વાહન માટે ફાસ્ટેગ હોવું ફરજિયાત બનશે. જે વાહન પાસે ફાસ્ટેગ નહીં હોય તેમને બમણો ટોલટેકસ ચૂકવવો પડશે. વડા પ્રધાન મોદીએ ૨૧મી સદીના ઇન્ફ્રાસેકટરની વાત કરી હતી. હવે પહેલી ડિસેમ્બરથી વાહનોને ટોલનાકાઓ પર રોકાવાની જરૂર પડશે નહીં.

ગડકરીએ જણાવ્યું હતું કે, અમે વાહનધારકોને ફાસ્ટેગ વિનામૂલ્યે આપી રહ્યાં છે. પહેલી ડિસેમ્બર સુધી એનએચએઆઇના દરેક ટોલ નાકા પર ફાસ્ટેગ વિના મૂલ્યે આપવામાં આવશે. સરકાર તમારા માટે રૂપિયા ૧૫૦ની સિકયોરિટી ડિપોઝિટ જમા કરાવશે. પહેલી ડિસેમ્બર બાદ જો વાહનમાં ફાસ્ટેગ નહીં હોય તો તેને બમણો ટોલ ટેકસ ચૂકવવો પડશે. નેશનલ હાઇવે પર આવેલા કુલ ૫૩૭ ટોલ પ્લાઝામાંથી ૧૭ને બાકાત રાખતાં તમામ ટોલ પ્લાઝા ફાસ્ટેગ થઇ જશે.

ગડકરીએ જણાવ્યું હતું કે, દરરોજ ૧૮ લાખ ફાસ્ટેગ વહેંચવામાં આવી રહ્યાં છે. અત્યારે ટોલપ્લાઝા પરથી ફાસ્ટેગ લેનારને ૩૯ ટકાનું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. અમે રાજય સરકારો સાથે પણ વાત કરી રહ્યાં છીએ. અમે આ યોજનામાં ૨૩ બેન્કોને સામેલ કરી છે. તમામ આરટીઓ પર પણ ફાસ્ટેગનું વેચાણ થઇ રહ્યું છે. એમેઝોન પર પણ ફાસ્ટેગ ઉપલબ્ધ છે.

૧. નેશનલ હાઇવેના ટોલનાકા પર વિનામૂલ્યે અપાય છે

૨. રોજના ૧૮ લાખ ફાસ્ટેગ વહેંચવામાં આવી રહ્યાં છે

૩. ટોલ પ્લાઝા પરથી ફાસ્ટેગ લેનારને ૩૯%નું ડિસ્કાઉન્ટ

૪. તમામ આરટીઓ ખાતે ફાસ્ટેગનું વેચાણ જારી

૫. ૨૩ બેન્કોને ફાસ્ટેગ યોજના સાથે સાંકળી લેવાઈ

(10:26 am IST)